૬	કાલુજી	શ્રી કૃષ્ણનૈનાચાર્યજી	કૃષ્ણાત્રિ	કટક (ઉડીસા)
૭	કીલાવત	શ્રી કીલાદેવાચાર્યજી	કૌશિક	ગલતાજી જયપુર
૮	કુબાવત	શ્રી કેવલરામાચાર્યજી	કણ્વ	ઝીંથડા (રાજસ્થાન)
૯	ખોજીજી	શ્રી રાઘવેન્દ્રાચાર્યજી	કાત્યાયન	ખોજીજીની પાલડી રાજ.
૧૦	ગોંવિન્દજી	શ્રી ગોવિન્દદાસાચાર્યજી	ગૌતમ	લોહાગઢ રાજસ્થાન
૧૧	તનતુલસીજી	શ્રી તનતુલસીદાસાચાર્યજી	ચ્યવન	મૂડિયા રામપુર (બારાબંકી)
૧૨	જગીજી	શ્રી અર્જુનદેવાચાર્યજી	જયદગ્નિ	સમ્રુદ્ર કુપ. જકુસી
૧૩	ટીલાવત	શ્રી સાકેતનિવાસાચાર્યજી	અસિત	દાઉજી મંદિર ડાકોર
૧૪	દિવાકર	શ્રી દિવાકરાચાર્યજી	દેવરાત	મયલ ધૌસા રાજસ્થાન
૧૫	દેવમુરારી	શ્રી મુરારીદેવાચાર્યજી	દેવલ	દારાગંજ પ્રયાગ
૧૬	ધુધ્યાનંદી	શ્રી દામોદરાચાર્યજી	ધૌમ્ય	રામતીર્થ પંજાબ
૧૭	નરહર્યાનંદી	શ્રી નરહર્યાનન્દાચાર્યજી	તૈધ્રુવ	ગઢખાલા રાજસ્થાન
૧૮	નાભાજી	શ્રી નારાયણચાર્યજી	ગાલન	રેવાલ્સર રાજસ્થાન
૧૯	પીપાવત	શ્રી પતિતપાવનાચાર્યજી	પિપ્પલાયન	ગાંગગૌરગઢ દ્વારકાપુરી
૨૦	પૂર્ણ વૈરાઠી	શ્રી પરમાનંદાચાર્યજી	પારાશર	ગ્વાલિયર, મધ્યપ્રદેશ
૨૧	ભગવન્નારાયણી	શ્રી ભાગવન્નારાયણાચાર્યજી	પુલસ્ત્ય	પિલ્ડોરીધામ પંજાબ
૨૨	ભડંગી	શ્રી ભૃંગીદેવાચાર્યજી	ભ્રગુ	આગર મધ્યપ્રદેશ
૨૩	ભાવાનન્દી	શ્રી ભવાનન્દાચાર્યજી	ભારદ્વાજ	ગંઢ મુકતેશ્વર
૨૪	મલુકજી	શ્રી મલુકદાસાચાર્યજી	મુગ્દલ	જગન્નાથપુરી ઉડીસા
૨૫	યોગાનંદી	શ્રી યોગાનંદાચાર્યજી	યાજ્ઞવલ્ક્ય	આરા બિહાર
૨૬	રામકબીરજી	શ્રી રામકબીરાચાર્યજી	વાર્હસ્પત્ય	કબીરવટ શુકલતીર્થ
૨૭	રાઘવચેતની	શ્રી રાઘવચેતનાચાર્યજી	કપિલ	દેવપ્રયાગ ઉ. પ્ર.
૨૮	રામથમ્ભલાજી	શ્રી રામસ્તમ્ભનાચાર્યજી	રથિતર	પિણ્ડદાદનખા પાકિસ્તાન
૨૯	રામરમાણી	શ્રી રામરામાપણી દેવાચાર્યજી	રૈક્ય	નાસિક મહારાષ્ટ્ર
૩૦	રામરંગી	શ્રી રામરંગાચાર્યજી	કશ્યપ	રામનગર કાશી
૩૧	રામરાવલી	શ્રી વિજયરામાચાર્યજી	વશિષ્ઠ	ખોડ જોધપુર રાજ.
૩૨	લાલતુરંગી	શ્રી લાલતુરંગાચાર્યજી	લોહિતાશ્વક	ધ્યાનપુર પંજાબ
૩૩	સુખાનન્દી	શ્રી સુખાનંદાચાર્યજી	શોનક	ચિત્રકુટ
૩૪	હઠીનારાયણી	શ્રી હઠીનારાયણાચાર્યજી	હારીત	વસો ગુજરાત
૩૫	સુરસુરાનન્દી	શ્રી સ્વરેશ્વરાચાર્યજી	શ્વેતાત્રિ	પરસા બિહાર
૩૬	હનુમાની	શ્રી હનુમદાચાર્યજી	યાસ્ક	જાખુગુફા શિમલા

શ્રી માધવાચાર્ય સમ્પ્રદાય શ્રી માધવાચાર્ય ગુરૂ પ્રમાણ ૨ દ્વારા ૧ અખાડા

૧	નિત્યાનન્દી	શ્રી નિત્યાનન્દાચાર્યજી	ઉપમન્યુ	નવદિપ, શાંતિપુર, બંગાલ
૨	શ્યામાનન્દી	શ્રી શ્યામાનંદાચાર્યજી	શાંડિલ્ય	શ્રગારવટ વૃન્દાવન

શ્રી વિષ્ણુ સ્વામિ સમ્પ્રદાય શ્રી વૈષ્ણવ ગુરૂ પ્રમાણ ૨ દ્વારા ૨ અખાડા

૧	ગોકુલાનન્દી	શ્રી ગોકુલાનન્દાચાર્યજી	ગર્ગ	ગોકુલ ઉ.પ્ર.
૨	વિઠ્ઠલાનંદી	શ્રી વિઠ્ઠલાનંદાચાર્યજી	વન્સ	નાથદ્વાર રાજસ્થાન

ગુસ્સો એટલે ડાહ્યા માણસ ઉપર ગાંડપણે કરેલો હુમલો.

શ્રી નિમાબાર્ક (નિમાવત) સંમ્પ્રદાય શ્રી નિબ્માર્ક ગુરૂ પ્રમાણ

૧૨ દ્વારા ૨ અખાડા

ક્રમ	દ્વારાગોત્ર	દ્વારાચાર્યોનું નામ	ઋષિગોત્ર	દ્વારાગાદી
૧	કેશવવ્યાણી	શ્રી કેશવદેવાચાર્યજી	કોણ્ડિત્ય	કુલ્ડાલા પંજાબ
૨	ઘંમડી	શ્રી ઉધ્ધવદેવાચાર્યજી	અધભર્ષણ	લીખી વૃજ ઉ.પ્ર.
૩	ચિત્રનાગા	શ્રી ચતુર્ચિન્તામણીદેવાચાર્યજી	ચન્દ્રાત્રેય	વિહારઘાટ વૃન્દાવન
૪	તત્વવેદી	શ્રી ટીકમદેવાચાર્યજી	તપોનિત્ય	જૈતારણ
૫	પરશુરામી	શ્રી પરશુરામદેવાચાર્યજી	પરશુરામ	સલેમાબાદ
૬	માધવજી	શ્રી માધવદેવાચાર્યજી	માર્કણ્ડેય	ખાનપુર, પંજાબ
૭	રાધાવલ્લભી	શ્રી દિનહરિવંશદેવાચાર્યજી	વામદેવ	વૃન્દાવન
૮	લફડાગોપાલી	શ્રી લફડાગદપાલદેવાચાર્યજી	લિખિત	દુલ્હેડા હરિયાણા
૯	વીરમત્યાગી	શ્રી વીરમત્યાગીદેવાચાર્યજી	વિશ્વામિત્ર	કિશનગઢ રાજસ્થાન
૧૦	શોભાવત	શ્રી સ્વયંભુદેવાચાર્યજી	શૌભરિ	બુડિયાગ્રામ ઉ.પ્ર.
૧૧	ચતુર્ભુજી	શ્રી ચતુર્ભુદેવાચાર્યજી	વ્યાસ	વૃન્દાવન ઉ.પ્ર
૧૨	હષીકેશી	શ્રી હષીકેશદેવાચાર્યજી	ચિતપાવન	કરોડીકુંડ, લોહાર્ગલ

ચારે સંમ્પ્રદાયો સિધ્ધાંતો ક્ષેત્રો ધામો આચાર્યો વેદો ઈષ્ટદેવો વગેરે વિગતો

અનુ.	વિવરણ	રામાનન્દી (રામાવત)	નિમ્બાર્ક (નિમાવત)	માધ્વ સંપ્રદાય	વૈષ્ણવ સંપ્રદાય
૧	સંમ્પ્રદાયનું નામ	શ્રી રામાનંદી અથવા રામાવત	શ્રી નિમ્બાર્ક અથવા નિમાવત	ચૈતન્ય સંપ્રદાય	વલ્લભ સંપ્રદાય
૨	આચાર્ય	શ્રી રામાનંદાચાર્યજી	શ્રી નિમ્બાર્કાચાર્યજી	શ્રી ચૈતન્ય મહાપ્રધુજી	શ્રી વલ્લભાચાર્યજી
૩	સિધ્ધાંત	વિશિષ્ટતા દ્વૈત	શુધ્ધાદ્વૈત	શુદ્ધદ્વૈત	દ્વૈતાદ્વૈત
૪	ધર્મશાળા	અયોધ્યા	મથુરા	અવન્તિકા	વિષ્ણુકાંચિ
૫	સુખવિલાસ	ચિત્રકુટ	વૃન્દાવન	નૈમિષારણ્ય	ઈન્દ્રધુમ્નક્ષેત્ર
૬	પરિક્રમા	કામદગિરિ	ગોવર્ધન	અલકનન્દા	અક્ષયવટ
૭	ક્ષેત્ર	જનકપુર	ગોમતી	અંગપાત્ર	માર્કણ્ડેય
૮	ધામ	અયોધ્યા	દ્વારકા	બદ્રિકાશ્રમ	પુરૂષોતમ
૯	ઈષ્ટદેવી	શ્રી સીતાજી	શ્રી રૂક્ષમણીજી	શ્રી સાવિત્રીજી	શ્રી લક્ષ્મીજી
૧૦	ઈષ્ટદેવ	શ્રી રામચંદ્રજી	શ્રી રાધાકૃષ્ણજી	શ્રી જગન્નાથજી	શ્રી બાલગોપાલજી
૧૧	વેદશાખા	માધ્યાન્દિના	આશવલાયની	કૌશિતકી	કૌથુમી
૧૨	મુક્તિ	સામિપ્ય	સારૂપ્ય	સાલોક્ય	સાયુજ્ય
૧૩	દ્વાર	શ્રવણ	નાસિકા	મુખ	નેત્ર
૧૪	ઋષિ	બ્રહ્માજી	દુર્વાસા	પરમહંસ	જલબિમ્બ
૧૫	મુનિ	વશિષ્ઠ	નારદ	કશયપ	સન્નદીપની
૧૬	દેવતા	હનુમાન	ગરૂડ	હંસ	નન્દી
૧૭	વેદ	ઋગવેદ	સામદેવ	અર્થવવેદ	યજુર્વેદ
૧૮	આહાર	રામનાથ	કૃષ્ણનામ	વિષ્ણુનામ	ગોપાલનામ
૧૯	પાર્ષદ	હનુમાન	સુષેણ	નન્દ	સુનન્દ
૨૦	દેવી	મહાલક્ષ્મી	રમા	પદમા	કમલા
૨૧	માળા	તુલસી	તુલસી	તુલસી	તુલસી
૨૨	ચંદન	શ્વેતચંદન	ગોપીચંદન	શ્વેતચંદન	કુમકુમ
૨૩	ગાયત્રી	રામગાયત્રી	કૃષ્ણગાયત્રી	બ્રહ્મગાયત્રી	ગોપાલગાયત્રી
૨૪	આયુધ	ધનુષ્યબાણ	ચક્ર	પદમ	ગદા
૨૫	તિલક	ઉર્ધ્વપુંડ	હરિમન્દિર	બીજ તિલક	ભાલતિલક
૨૬	વૈદાન્તભાષ્ય	આનન્દભાષ્ય	વેદાન્ત પારિજાત સોરભ	અણભાત્ય	પુર્ણ પ્રજ્ઞદર્શન
૨૭	પરમધામ	સાકેત	વૈકુંઠ	બ્રહ્મલોક	ગોલોક
૨૮	પચાક્ષરમંત્ર	રામાયનમઃ	કૃષ્ણાય નમઃ	બ્રહ્માયનમઃ	ગોપાયનમઃ

ગુસ્સો એટલે ડાહ્યા માણસ ઉપર ગાંડપણે કરેલો હુમલો.

શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ, સાવરકુંડલા
મુલાકાત પોથી માંથી સાભાર

જય સીયારામ **તા.૦૯/૦૮/૨૦૨૪**

આજરોજ તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ પુ.શ્રી સીતારામબાપુ ગુરૂશ્રી દયારામબાપા ના શિષ્ય શ્રી સીતારામબાપુ ની ત્રીજી પુણ્યતિથી નિમીતે છાત્રબાળાઓને મિષ્ટભોજન બપોરના પ્રસાદ રુપે રાખેલ તેમજ પુજય ઘનશ્યામબાપુ તથા પ્રમુખ શ્રી અરૂણભાઈ ના માર્ગદર્શન નીચે અમોએ પુજય કાન્તાબા (મોટા લીલીયા) વાળાના સુચનથી તેમની પુત્રીશ્રી કિન્નાબેન આ જ છાત્રાબાળાઓની સાથે છાત્રાલયમાં અભ્યાસ કરીને ઘર જેવુ વાતાવરણ મળેલ તેમજ સંસ્કાર સાથે શિક્ષણ સાચી રીતે મળેલ અને હાલમાં ગર્વમેન્ટ જોબ કરે છે. અને અહિંયા નું વાતાવરણ ઘર જેવું છે ખુબ જ ધન્યતા અનુભવુ છું આભાર સાથે વંદન.

લી.
વિષ્ણુદાસ પ્રભુદાસ નિરંજની
નાનકોટડા (જેતપુર)

રૂા.૫૫૦૦/- ભોજનદાનમાં મળેલ છે.

રૂા.૧૫૧૧૧/- સાકેત વાસી પુજયશ્રી સીતારામબાપુ ગુરૂશ્રી દયારામબાપા
હસમુખા હનુમાન મતિરાળા કાયમી મિષ્ટભોજન દાન મળેલ છે. પ.નં.-૭૦૦૧/૭૦૦૨

જય સીયારામ **તા.૧૮/૧/૨૦૨૫**

આજરોજ સાવરકુંડલા એક પ્રસંગે આવેલ પણ ગુરુકુળની મુલાકાત લેવાની ખુબ ઈચ્છા હતી આવી અને જુની યાદી તાજી થતા ખૂબ જ આનંદ થયો. છાત્રાલય, રૂમ, બહેનો બધાને મળીને ખુબ જ આનંદ થયો. હું તો ભણી પણ મારી દિકરીને પણ અહિં છાત્રાલયમાં એક વર્ષ ભણાવી છે.

લી.
જયશ્રીબેન નિલેશભાઈ ટીલાવત
રાજુલા

રૂા.૫૦૦/-પ.નં.૭૩૮૨ થી તા-૧૮/૧/૨૫ ૨૦૦૦/- મુદતી લવાજમ ભરી આપ્યું

જય સીયારામ **તા.૧૯/૧/૨૦૨૫**

પૂર્વ સદસ્ય ચલાલા નગરપાલીકા શ્રી નયનાબેન બાલકૃષ્ણભાઈ દેવમુરારી આજરોજ નાનારામબાપુની વર્ષી નિમીતે સા.કુંડલા કન્યા છાત્રાલયની મુલાકાત લેવાનો લાભ મળ્યો વિષેશ છાત્રાલયનો વહિવટ પુજય રાઘવબાપુ અને અરૂણભાઈ દેવમુરારી દ્વારા ચાલે છે તે ખુબ ખુબ અભિનંદન ને પાત્ર છે. જય સિયારામ.

લી.
બાલકૃષ્ણ ટી.દેવમુરારી

રૂા.૫૦૦/-પ.નં.૭૩૮૩ થી મળેલ છે.

જય સીયારામ **તા.૧૯/૦૧/૨૦૨૫**

આજરોજ તારીખ ૧૯/૧/૨૦૨૫ ના રોજ સાવરકુંડલા એક પ્રસંગોપાત આવવાનું થતા મારી ઈચ્છા ઘણાજ સમયથી હતી અને ફેમેલી સાથે આવ્યા હતા. મને આપણા સમાજ ગર્વ સાથે તથા બાપુના આશિર્વાદ સાથે શ્રીમાન રાઘવદાસબાપુ તથા પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારી સાહેબના સંચાલન વિશે જાણી તેમજ છાત્રાલયની રૂબરૂ મુલાકત કરી છાત્રાલય જોઈને ઘણો જ આનંદ થયો. ભગવાન શ્રી રામ તથા હનુમાનજી મહારાજની કૃપા થી આજીવન આવતી રહે તેમજ આપણા સમાજની દિકરીને સારુ ભણતર અને ગણતર મળી રહે તે જાણી ખુબજ ખુશી થઈ . જય સિયારામ સાથે મારી ફેમીલી તરફથી અભિનંદન.

લી.
મુકેશભાઈ રતિલાલ અગ્રાવત
મું.ખંભાળ, તા.પડધરી, જી.રાજકોટ

સંસ્થાને રૂા.૧૧૦૦/- રોકડા પ.નં૭૩૮૫ થી મળેલ છે.

જય સીયારામ **તા.૨૫/૦૧/૨૦૨૫**

આજરોજ અન્ય કામ માટે સાવરકુંડલા આવવાનું થતા છાત્રાલયની મુલાકાત નો અવસર પણ પ્રાપ્ત થયો. સાથે પરિવારની પાંચ દિકરીઓને પણ મળવાનો અવસર પણ મળ્યો અને છાત્રાલય ની કામગીરી જોઈ આનંદ ની અનુભુતી થઈ.

મુલાકાતીઓ
મહેશભાઈ જમનાદાસ અગ્રાવત પુનિત મહેશભાઈ અગ્રાવત
રેખાબેન મહેશભાઈ અગ્રાવત દીલીપકુમાર કમળદાસ કુબાવત

જય સીયારામ **તા.૦૬/૦૨/૨૦૨૫**

આજરોજ સા.કુંડલા શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ છાત્રાલયમાં મુલાકાતનો અવસર પ્રાપ્ત થયો. અહિયા આપણા રામાનંદી સાધુ સમાજની દિકરીઓ સારા અભ્યાસ માટે, ઉચ્ચ અભ્યાસ માટે ગામ્ય વિસ્તાર માંથી આવતા આપણા સમાજની દિકરીઓ માટે સા. કુંડલા મુકામે ખુબ જ સરસ છાત્રાલયની સેવાઓ, રહેવાની સારી વ્યવસ્થા, સારી ભોજન વ્યવસ્થા જોઈ આનંદ અનુભવું છું અને સાધુ સમાજના દરેક લોકો આવી સંસ્થાની મુલાકાત લે અને સેવા યજ્ઞમાં જોડાવવા અપીલ, જય સિયારામ.

લી.
વિજય એમ.બાવનિયા
ચલાલા, તા.ધારી

સંસ્થાને રૂા.૨૧૦૦/- પ.નં૭૩૯૪ થી મળેલ છે.

જય સીયારામ **તા.૧૨/૦૪/૨૦૨૫**

આજરોજ સા.કુંડલા મુકામે શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ છાત્રાલયમાં મુલાકાતનો અવસર પ્રાપ્ત થયો. ચૈત્ર સુદ પુનમના રોજ દાદીમાં સ્વ.દિવાળીબેન ભકિતરામ અગ્રાવતની મિષ્ટભોજન તિથી અન્વયે છાત્રાલય ઓફીસ અને અહીં અભ્યાસ કરતી દિકરીઓ જોડે મુલાકાતનો અવસર આપ્યો તે બદલ છાત્રાલયનો ખુબ આભાર મુલાકાત દરમિયાન છાત્રાલયની સુવિધા, સગવડતા અને અહીંનું વાતાવરણ જોઈ મન ખુબ પ્રફુલ્લીત થયું. સંસ્થાના દરેક સભ્ય તથા અભ્યાસ કરતી દિકરી ને ખૂબ ખૂબ અભિનંદન

લી.
હર્ષદભાઈ ચુનીલાલ અગ્રાવત
જેતપુર

સંસ્થાને રૂા.૫૫૧/- પ.નં૭૫૨૫ થી મળેલ છે.

ખરાબ અક્ષર એ અધુરી કેળવણીની નીશાની છે.

શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ, સાવરકુંડલા
મુલાકાત પોથી માંથી સાભાર

જય સીયારામ **તા.૨૬/૦૬/૨૦૨૫**

ફુલસ્કેપ બુકો વિતરણ કરવા માટે આજ રોજ આપણી રામાનંદી જ્ઞાતિના કન્યા છાત્રાલયની મુલાકાત લીધેલ.મુલાકાત દરમ્યાન પૂ.બાપુએ છાત્રાલય વિશે ની માહિતી આપેલ અને એ ખરેખર બહુંજ સારી વાત છે કે તેઓ છાત્રાલયની બાળાઓનો વિશેષ ખ્યાલ રાખે છે. આજે અમોને આપેલ સત્કાર બદલ ખુબ ખુબ આભાર છાત્રાલયની દિકરીઓ, ગૃહપતિ ભાસ્કરભાઈનો પણ આ ક્ષણે આભાર માનુ છું.

લી.
ધ્યેય દેવમુરારી
રાજેશ્રી દેવમુરારી

જય સીયારામ **તા.૨૦/૭/૨૦૨૫**

આજરોજ કન્યા છાત્રાલયની મુલાકાત લીધી અહિં શ્રી પ્રવિણભાઈ ડોકટર સાહેબ સાથે રૂબરૂ આવ્યા. અહીં વ્યવસ્થાપક શ્રી ઘનસ્યામભાઈનીસાથે સમગ્ર સંસ્થા તેમજ દીકરીઆની મુલાકાત લીધી. દીકરીઓ સંતુષ્ટ અને વહિવટી પારદર્શિતા જોઈને ખૂબજ આનંદ થયો. ઘનસ્યામભાઈની સંનિષ્ટ સેવાએ સંસ્થાને ખૂબ દિપાવી છે. અમારા પુત્ર ચિ.દેવ આચાર્ય અને અમારી કંપનીઓ તરફથી જરૂરી આર્થિક સહયોગ આપીશું જે અમારા માટે લ્હાવો બનશે.

લી.
દિનેશભાઈ ડી. આચાર્ય
શ્રીમતી કલ્પનાબેન ડી. આચાર્ય
અમદાવાદ

જય સીયારામ **તા.૦૧/૦૮/૨૦૨૫**

Today I visit the organisation with gatting all detail we feel like anything. I feel this is the best way to halp society. so aply For girls this orgoniged will do that is gret. we feel very Happy today blas to the Society.

આજરોજ નાં આ સંસ્થામાં આવી ખૂબ જ આનંદ થયો આ સંસ્થામાં જે દિકરીઓનું સારુ એજ્યુકેશન અને રહેવાની વ્યવસ્થા ખૂબ જ સુંદર રાખવામાં આવે છે તેથી જે પ્રભુ ઈચ્છા શ્રી હનુમાનજી દાદાની કૃપાથી જે સેવા થશે તે કરશું

લી.
જય સીયારામ
A.D Agravat

સોલાર પેનલ દાન રૂ.૧૧,૦૦૦/- પ.નં. ૭૩૩૯ થી મળેલ છે. આભાર...

જય સીયારામ **તા.૧૦/૦૯/૨૦૨૫**

આજ રોજ બજરંગદાસ બાપા કન્યા છાત્રાલય ની મુલાકાતે આવવાનું થયું મારા ફુવા શ્રી સ્વ. હર્ષદરાય બી. દેવમુરારી ના શ્રાધ્ધનિમિતે છાત્રાલય બાળાઓ ને મિષ્ટ ભોજન જમાડવવા માટે આવેલ પ.પૂ. ઘનશ્યામબાપુ સાથે સંસ્થા ને લગતી ચર્ચા કરી બાપુ ના અનુભવ નો લાભ લીધો બાપુ એ સંસ્થા અંગે માહિતી આપી. અમારી દીકરીઓ પણ ખૂબ જ શિસ્તમાં અને વિવેકમાં પ્રાર્થના અને જમાડવાની રીત બધું ખૂબ જ સારી રીતે અમારું સન્માન કરેલ બહુ જ આનંદ કર્યો.ફરી મુલાકાત લેવા નું મન થાય તેવું વાતાવરણ સંસ્થાનું છે હજુ સંસ્થા પ્રગતિ કરે તેવી શુભેચ્છા સહ સીતારામ સીંગાપુરથી અમારા ફઈબા જસુબેન હર્ષદરાય દેવમુરારી પણ સાથે પધારેલ સાથે માતા અને અમારો પરિવાર પણ પધોરેલ.

લી.
નિમાબાર્ક નિતેષભાઈ એમ. મતિરાળા
તથા પરિવાર ના સભ્યો ના
સીતારામ

સંસ્થાને ભોજન ભેટ રૂ.૫૧૦૦/- મળેલ છે. આભાર...
દરેક બાળાઓને ફુલસ્કેપ ચોપડા અને પેન ૧ ભેટ આપેલ.

જય સીયારામ **તા.૧૨/૦૯/૨૦૨૫**

આજ રોજ બજરંગદાસબાપા કન્યા છાત્રાલયની મુલાકાત લીધેલ છાત્રાલયનો વિકાસ તથા દીકરીઓની શિસ્ત તથા સંસ્કારો જોઈ અતી આનંદ થયા છે. છાત્રાલયનો વહિવટ પારદર્શક તેમજ ચોકસાઈ પુર્વક પણ જોઈ અતી આનંદ અનુભવુ છું તેમજ છાત્રાલય આવી જ રીતે ઉતરોતર પ્રગતી કરે તેવી ભગવાન રાઘવેન્દ્ર સરકારના શ્રી ચરણોમાં પ્રાર્થના.

લી.
ભાર્ગવ અગ્રાવત
પ્રમુખ જેતપુર રામાનંદ સાધુ સમાજ

રૂ.૫૦૦/-પ.નં.૭૩૮૩ થી મળેલ છે.

જય સીયારામ **તા.૨૮/૦૯/૨૦૨૫**

આજે અમે બજરંગદાસબાપા કન્યા છાત્રાલયની મુલાકાત લીધેલ છે.છાત્રાલયની મુલાકાત લેતા તેની વ્યવસ્થા ખુબ જ સારી છે. દરેક દિકરીની પુરતી કાળજી લેવાય છે. છાત્રાલયમાંજ દિકરીઓ માટે ટ્યુશન વ્યવસ્થા ભણવાની સગવડ સાથે ધાર્મિક સંસ્કાર આપતુ વાતાવરણ છે.પરિવાર તરફથી દરેક છાત્રબાળાઓને થેલો-૧ પર્સ-૧ ચાંદલાનું પેકેટ-૧ ભેટ આપવામાં આવ્યુ.

લી.
જેની પ્રિતેશકુમાર રાજપરા
જંગર.

ખરાબ અક્ષર એ અધુરી કેળવણીની નીશાની છે.

જગતગુરૂ શ્રી નિમ્બાર્કાચાર્ય ભગવાનની ૫૧૨૧ મા જન્મોત્સવની ઉજવણી

કારતક સુદઃ ૧/૫(પુનમ) બુધવાર૫/૧૧/૨૦૨૫ (ઓળીયા, તા. સાવરકુંડલા)

જગતગુરૂ શ્રી નિમ્બાર્કાચાર્ય ભગવાનની ૫૧૨૧ મા જન્મોત્સવની ઉજવણી તા. ૫/૧૧/ ૨૫ ચતુઃવૈષ્ણવ સંપ્રદાયના સૌથી પ્રાચીન આચાર્ય સુદર્શન ચકવતાર જગદગુરુ શ્રી નિમ્બાર્કાચાર્ય ભગવાનનો જન્મ મહારાષ્ટ્ર ના મૂંગી ધામ પૈઠણમાં કાર્તિકી પૂર્ણિમાના દિવસે પિતા અરુણ ઋષિ અને માતા જયંતિ દેવીના કૂખે થયો. તેમનું બાળપણનું નામ નિયમાનંદ હતું. તેની વૃંદાવનમાં ગોવર્ધન તળેટી નિકટ નીમ ગાવમાં તપસ્થળી છે. બ્રહ્માજી દ્વારા પરીક્ષામાં નિયમાનંદે લીમડાના વૃક્ષમાં અર્ક એટલે કે સૂર્ય જેવા તેજના દર્શન કરાવવાથી તે નિમ્બાર્ક તરીકે પ્રસિદ્ધ થયા .વૈષ્ણવ સંપ્રદાયના ૫૨ દ્વારા માંથી ૧૨ દ્વારા નિમાવત-નિમ્બાર્ક સંપ્રદાયના વૈષ્ણવો પ્રથમ યુગલ શ્રી રાધાકૃષ્ણ ના ઉપાસક નિમ્બાર્ક તરીકે ઓળખાયો.

વિશ્વના સૌ પ્રથમ દ્વેતા- દ્વેત સિદ્ધાંત સ્થાપિત કરી પ્રથમ જગતગુરુ આચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા . નિમ્બાર્ક સંપ્રદાય જે હંસ,- કુમાર- સનક - સખી કે રસિક સંપ્રદાય તરીકે ઓળખાય છે. વૃંદાવન આરાધ્ય બાંકે બિહારી અને નિધિ વન નાં. સ્વયં હરિદાસ નિમ્બાર્ક સંપ્રદાયનું ગૌરવ છે.

નિમ્બાર્કાચાર્ય ભગવાન નો જન્મોત્સવ ગુજરાતમાં રણછોડરાય મંદિર ના મંહત શ્રી મહેશદાસ બાપુ દ્વારા પીપાવાવ ધામનાં સ્થાને યોજવામાં આવેલ હતો. પરંતુ અતિ વરસાદી વાતાવરણના કારણે મોકૂફ રાખીને સાવરકુંડલા નજીક ઓળીયા નિમ્બાર્ક આશ્રમ ના મહંત શ્રી રામદાસ બાપુ શ્રી બજરંગદાસ બાપા રામાનંદગુરૂકુળ સાવરકુંડલા કન્યા છાત્રાલયના સંચાલક શ્રી ઘનશ્યામદાસબાપુ (રાઘવ) તથા રામાનંદી સાધુ સમાજ ના રાજ્ય મંડળ પ્રમુખ શ્રી અરૂણભાઈ દેવમુરારી ના સાનિધ્યમાં જગતગુરુ શ્રી નિમ્બાર્કાચાર્ય ભગવાનનો જન્મોત્સવ ખૂબ હર્ષ ઉલ્લાસ સાથે રામાનંદી સાધુ સમાજ મારુતિ મહિલા મંડળના બહેનો તથા મહાનુભાવો ના મધુરા ગીત ભજન અને કરતાલ ના તાલે શોભાયાત્રા સહિત ગુરુ પૂજન, દીપ આરતી તેમજ સંતોના અને આવેલ તમામ મહેમાનોને આચાર્ય શ્રી ના ફોટા તેમજ પુસ્તિકા દ્વારા સન્માન તથા મિષ્ટ ભોજન પ્રસાદ નિમ્બાર્ક આશ્રમ તરફથી કરાવવામાં આવ્યું.

નિમ્બાર્ક આશ્રમ ના મહંત શ્રી એ નિમ્બાર્ક સંપ્રદાયની ગૌરવપૂર્ણ મહિમાનું યશો ગાન કર્યું. શ્રી ઘનશ્યામદાસ બાપુ દ્વારા ચારેય જગતગુરુ શ્રી ની ગુરુ જયંતિ ખૂબ ઉમંગ સાથે ઉજવવા માટેનું પ્રોત્સાહનપૂર્ણ પ્રવચન આપ્યું. ઘનશ્યામદાસ બાપુ તથા રાજ્ય મંડળ પ્રમુખ શ્રી અરૂણભાઈ દ્વારા શ્રી નિમ્બાર્કજયંતિ મહોત્સવ ના યજમાન મહંત શ્રી રામદાસ બાપુ નું તથા આયોજક શ્રી રામેશ્વરી બેન નિમાવત નું પરિવાર સહ શાલ અને પુષ્પ માળા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. તેમજ શ્રીઅરુણભાઈ એ ઉદબોધનમાં પ્રતિપાદિત કર્યું કે શ્રી નિમ્બાર્કાચાર્ય જન્મોત્સવ રામાનંદી સમાજને તોડવાનું નહીં પણ સમગ્ર સંપ્રદાયને આનંદમય રીતે ઉજવણી દ્વારા જોડવાનું કાર્ય કરી રહ્યું છે.શ્રી મણીરામભાઈ નિમાવતે ચતુઃ સંપ્રદાય (૫૨) દ્વારા સંગઠન સંકલન ના (૫૨) સિદ્ધાંતોની છણાવટ કરી. નિમ્બાર્ક તીર્થ ગ્રુપ ૫ વર્ષથી ચલાવનાર શ્રી રામેશ્વરી બેનના પ્રયત્નોને દિશા અને વેગ આપવા માટે તેમનું ધ્યેય અને આપણા વૈષ્ણવ સંપ્રદાયની ધર્મ પ્રત્યેની સુષુપ્તતા અને અંતે વ્યથા વ્યક્ત કરીને સમગ્ર રામાનંદી સંપ્રદાયને એકી સાથે જોડી સમગ્ર હિન્દુ સમાજના ગુરુ સ્થાને રહેલી આપણી પરંપરા ના જગતગુરુના વંશજો છીએ તો આપણા વૈષ્ણવ આચાર્યશ્રીના જગતગુરુ ની જન્મ જયંતી તેમજ સમૂહ યજ્ઞપવિત્ સંસ્કાર વિશાળ વૈષ્ણવો વચ્ચે આપણા જગતગુરૂશ્રી તથા દ્વારાચાર્ય શ્રી ના સાનિધ્યમાં છડી- છત્રી ,ચમર અને હાથી ઘોડા બેન્ડવાજા સહ ઉજવાય અને આપણે સમગ્ર હિન્દુ સમાજના ગુરુ સ્થાને રહી ગરિમા રૂપ ધર્મના પ્રચાર પ્રસાર અને ફરી મંદિરોના ઘંટરાવ કરી સતયુગ ની ઝાંખી કરાવીએ તેવા પ્રયત્નો કરીએ તેવી ઈચ્છા વ્યક્ત કરી. જગતગુરુ શ્રી નિમ્બાર્કચાર્ય જન્મોત્સવ સૌપ્રથમ ભુરખીયા હનુમાનજી મંદિર તેમજ દ્વિતીય જન્મોત્સવ નિમ્બાર્કધામ મોટા મંદિર લીબંડી મનાવ્યો હતો જેમાં ભરતભાઈ નિમ્બાર્ક જુનાગઢ નીતિનભાઈ નિમ્બાર્ક સુરત રામેશ્વરી બેન નિમાવત અમરેલી પોતાનું યોગદાન આપીને ઉજવણી કરી રહ્યા છે. "નિમ્બાર્ક તીર્થ ગ્રૂપ" માં કયારેય કોઈ ફંડ ફાળો સ્વીકારતાં નથી. છતાં પણ આગામી જયંતિ મહોત્સવના દાતા બનવા માટે સૌ ઉત્સુક રહે છે એ જ આપણી પરંપરા ની સિદ્ધિ છે. વિશેષ સંદેશ તારીખ ૨૦/૧/૨૦૨૬ થી ૨૬/૧/ ૨૦૨૬ સુધી વૈદનાથ નિમ્બાર્ક આશ્રમ વલ્લભીપુર, જીલ્લો ભાવનગર માં જગદગુરુ શ્રી નિમ્બાર્કાચાર્ય શ્રી શ્યામ શરણ દેવાચાર્ય શ્રીજી મહારાજના મુખે ભાગવત સપ્તાહનું રસપાન કરાવશે. જેમાં સમગ્ર વલ્લભીપુર તાલુકો ધુમાડા બંધ ભોજન પ્રસાદ વ્યવસ્થા કરેલ છે. તમામ રામાનંદી સાધુ સમાજને ૪૯ મા જગદગુરુ શ્રી નિમ્બાર્કાચાર્ય શ્રીજી મહારાજ દર્શન તેમજ નિમ્બાર્ક સંપ્રદાયની ધરોહર શ્રી વિશ્વની સૌથી સૂક્ષ્મમૂર્તિ સર્વેશ્વર પ્રભુ ના દર્શન કરી જીવનની ધન્યતા પ્રાપ્ત કરવા આપ સૌને સહ પરિવાર ભાવભર્યું આમંત્રણ છે. રાધે રાધે .

પોતાને ખોઈને જ પોતાને મેળવી શકાય છે.

શ્રી રામાનંદી સાધુ સમાજ - વઢવાણ શહેર અને વઢવાણ તાલુકા દ્વારા

છઠ્ઠા શરદોત્સવ - ૨૦૨૫ નું વઢવાણમાં ભવ્ય આયોજન

તા.૦૪/૧૦/૨૦૨૫ ને શનિવારના શુભ દિવસે રેલ્વે સ્ટેશન રોડ ,વઢવાણમાં આવેલ શ્રી લાલજી મહારાજની જગ્યામાં શ્રી રામાનંદી સાધુ સમાજ વઢવાણ શહેર અને વઢવાણ તાલુકા દ્વારા છઠ્ઠા શરદોત્સવ – ૨૦૨૫નું દિવ્ય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં વઢવાણ તાલુકાના ગામ , રતનપર, જોરાવરનગર, સુરેન્દ્રનગર અને ૮૦ ફૂટ રોડના રામાનંદી જ્ઞાતિજનોનો સુંદર સાથ સહકાર પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમમાં સૌ પ્રથમ સાંજે ૬-૩૦ થી ૮-૩૦ કલાક દરમ્યાન વઢવાણ શહેર,વઢવાણ તાલુકાના ગામ,રતનપર, જોરાવરનગર,સુરેન્દ્રનગર અને ૮૦ ફૂટ રોડમાં વસતા રામાનંદી જ્ઞાતિજનોએ સમુહમાં ભોજન લીધું હતું. જ્ઞાતિ ભોજનના દાતા શ્રી રાજુભાઈ હસમુખભાઈ વૈષ્ણવ – રાધે કેટરર્સ(રાજ સીતાપુર તા. ધ્રાંગધ્રા) અને શ્રી ઓમપ્રકાશ શત્રુઘ્નભાઈ વૈષ્ણવ (કાનેટી હનુમાનજી મંદિર) વઢવાણવાળા હતા.

ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત શ્રી સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ,મોટા મંદિર,લીંબડીના મહામંડલેશ્વર શ્રી લલિતકિશોરશરણ દાસ બાપુ,રાજસીતાપુર શ્રીલાલજી મહારાજની જગ્યાના મહંત શ્રી અંબારામદાસ બાપુ,વઢવાણ શ્રી લાલજી મહારાજની જગ્યાના મહંત શ્રી ગીરધરદાસ બાપુ,કથાકાર શ્રી પરેશબાપુ ગામ ખેરાળીવાળા,કથાકાર શ્રી લાલામહારાજ ગામ ખજેલીવાળાના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ તેમની સાથે વઢવાણ સમાજના પ્રમુખ શ્રી, ઉપમુખશ્રી, મંત્રીશ્રી તથા સમાજના વડીલો જોડાયા હતા. શ્રી કમળા દેવી માતા નું પુજન કરી જાનકી સાઉન્ડ એન્ડ ઓરકેસ્ટ્રાના સથવારે શ્રી કમળાદેવી માતા ની આરતી કરવામાં આવેલ. શ્રી રામાનંદી સાધુ સમાજ - વઢવાણ દ્વારા અપાયેલ નિમંત્રણને માન આપી મોટા મંદિર લીંબડીથી પધારેલ મહા મંડલેશ્વર શ્રી લલિતકિશોરશરણદાસ બાપુ,રાજસીતાપુર શ્રી લાલજીમહારાજની જગ્યાના મહંત શ્રી અંબારામદાસ બાપુ, વઢવાણ શ્રી લાલજી મહારાજની જગ્યાના મહંત શ્રી ગીરધરદાસ બાપુ,કથાકાર શ્રી પરેશબાપુ ખેરાળીવાળા,કથાકાર શ્રી લાલામહારાજ ખજેલીવાળાનું ફૂલહાર તથા સાલથી અભિવાદન સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી લલિતકિશોરશરણ દાસ બાપુએ પ્રસંગને અનુરૂપ પોતાના આશીર્વાદમાં ભારતીય સંસ્કૃતિ વિષે તેમજ સંપ તથા એકતા રાખી એકબીજાને સાથ સહકાર આપવા અનુરોધ કરેલ.વિશેષમાં શ્રી રામાનંદી સાધુ સમાજ વઢવાણ તથા વઢવાણ તાલુકા દ્વારા છઠ્ઠા શરદોત્સવ-૨૦૨૫ નું ભવ્ય આયોજન કરવા બદલ આયોજકોને ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

સંતો – મહંતો દ્વારા દીપ પ્રાગ્ટય અને શ્રી કમળાદેવી માતા ની આરતી બાદ ગામ ખેરાળીના શ્રી મિતુલભાઈ પરેશભાઈ વૈષ્ણવના જાનકી સાઉન્ડ એન્ડ ઓરકેસ્ટ્રાના સથવારે રાસ-ગરબાનો પ્રથમ રાઉન્ડ શરૂ થયો હતો.તેમાં વઢવાણ શહેર,રતનપર, જોરાવરનગર, સુરેન્દ્રનગર,૮૦ ફૂટ રોડ અને વઢવાણ તાલુકાના ગામમાંથી આવેલ યુવાનો,યુવતીઓ તથા મોટેરાઓએ સંગીત ના તાલે ખેલૈયાઓએ ગરબામાં ઝુમીને શરદોત્સવનો ખુબજ આનંદ માણ્યો હતો. કલાક બાદ રાજકોટથી આવેલ ડુપ્લીકેટ અમિતાભ બચ્ચને નાના બાળકો,યુવાનો,યુવતીઓ અને મોટેરાઓને ફિલ્મી ગીતોના નૃત્ય દ્વારા ખુબ જ આનંદ કરાવ્યો હતો. યાદગીરી માટે તેમની સાથે ઘણા લોકોએ પોતાના ફોટા પડાવ્યા હતા. ત્યારબાદ ૧૫ મીનીટના ઈન્ટરવલમાં જ્ઞાતિજનોએ જલેબી-પાપડીના નાસ્તા સાથે ચા-પાણીની લહેજત માણી હતી. નાસ્તો કર્યા બાદ રાસ-ગરબાનો બીજો રાઉન્ડ શરૂ થયો હતો. જેમાં નાના બાળકો,યુવાનો,યુવતીઓ અને મોટેરાઓએ સંગીતના તાલે મન મુકીને રાસ-ગરબામાં ઝુમીને ખુબજ આનંદ માણ્યો હતો. ખેલૈયાઓને ઈનામ આપવાના હોવાથી ખેલૈયાઓનું સુપરવીઝન શ્રી ડૉ.અલ્પેશભાઈ હર્ષદભાઈ સાધુ અને શ્રીમતિ સંગીતાબેન પુજારાએ કર્યુ હતું. જેમાં ૫ થી ૧૦ વર્ષ સુધીમાં ૩ બાળકો તથા ૩ બાલિકાઓ , ૧૧ થી ૩૦ વર્ષ સુધીમાં ૩ યુવાનો તથા ૩ યુવતીઓ અને ૩૦ વર્ષથી ઉપરના ૩ ભાઈઓ તથા ૩ મહિલાઓ સિલેકટ કર્યા હતા. વિશેષમાં બેસ્ટ ચણિયાચોળી/ટ્રેડીશનલ ડ્રેસ પહેરનારમાં ૨ યુવતીઓના અને બેસ્ટ ટ્રેડીશનલ ડ્રેસ પહેરનારમાં ૨ યુવાનોના નામ સિલેકટ કર્યા હતા.

ત્યારબાદ અંતિમ ભાગમાં જમણવારના દાતા શ્રી રાજુભાઈ હસમુખભાઈ વૈષ્ણવ (રાધે કેટરર્સ) રાજ સીતાપુરવાળા તથા શ્રી ઓમપ્રકાશ શત્રુઘ્નભાઈ વૈષ્ણવ – કાનેટી હનુમાનજી મંદિરના બાપુનુ શ્રી હનુમાનદાદાના ફોટા આપીને અભિવાદન સાથે સન્માન કર્યુ હતું.ખેલૈયાઓને ગીફટ જોરાવરનગર નિવાસી શ્રીમતિ રીટાબેન મુકેશભાઈ નિમાવત પ્રિન્સીપાલ- પી.જી.એન.એમ.એસ.ગર્લ્સ હાઈસ્કુલ, જો.નગર અને શ્રી મુકેશભાઈ રાધેલાલ નિમાવત પ્રિન્સીપાલ એમ.આર.ગાર્ડી હાઈસ્કુલ,અણીન્દ્રા તરફથી આપવામાં આવી હતી.બાલિકાઓ ,યુવતીઓ અને મહિલાઓને એમ કુલ ૧૨ જણાને સોનાની ચુક આપનાર કથાકાર શ્રી પરેશબાપુ ખેરાળીવાળા, જાનકી સાઉન્ડ એન્ડ ઓરકેસ્ટ્રાની સેવા આપનાર શ્રી મિતુલભાઈ પરેશભાઈ વૈષ્ણવ, નિમંત્રણ પત્રિકાના દાતા શ્રી પવનભાઈ ઘનશ્યામદાસ રામાનુજ તથા શ્રી મહાવીરભાઈ ઘનશ્યામ દાસ (મહાવીર અચકન – મુળીવાળા),લાઈટ ડેકોરેશન અને મંડપના દાતા વઢવાણના શ્રી નવનીતભાઈ હરગોવિંદદાસ વૈષ્ણવ, શ્રી પ્રદ્યુમનભાઈ જગદીશભાઈ દિવાકર, શ્રી ગોકુલભાઈ જગદીશભાઈ દિવાકર તથા રાજસીતાપુર વાળા શ્રી રાધેશ્યામભાઈ હરિરામ વૈષ્ણવ (રસોયા),નાસ્તાના દાતા વઢવાણના શ્રી મુકેશભાઈ પ્રભુદાસ આચાર્ય

તા.૦૪/૧૦/૨૦૨૫ ને શનિવારના શુભ દિવસે રેલ્વે સ્ટેશન રોડ ,વઢવાણમાં આવેલ શ્રી લાલજી મહારાજની જગ્યામાં શ્રી રામાનંદી સાધુ સમાજ વઢવાણ શહેર અને વઢવાણ તાલુકા દ્વારા છઠ્ઠા શરદોત્સવ – ૨૦૨૫નું દિવ્ય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં વઢવાણ તાલુકાના ગામ , રતનપર, જોરાવરનગર, સુરેન્દ્રનગર અને ૮૦ ફૂટ રોડના રામાનંદી જ્ઞાતિજનોનો સુંદર સાથ સહકાર પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમમાં સૌ પ્રથમ સાંજે ૬-૩૦ થી ૮-૩૦ કલાક દરમ્યાન વઢવાણ શહેર,વઢવાણ તાલુકાના ગામ,રતનપર, જોરાવરનગર,સુરેન્દ્રનગર અને ૮૦ ફૂટ રોડમાં વસતા રામાનંદી જ્ઞાતિજનોએ સમુહમાં ભોજન લીધું હતું. જ્ઞાતિ ભોજનના દાતા શ્રી રાજુભાઈ હસમુખભાઈ વૈષ્ણવ – રાધે કેટરર્સ(રાજ સીતાપુર તા. ધ્રાંગધ્રા) અને શ્રી ઓમપ્રકાશ શત્રુઘ્નભાઈ વૈષ્ણવ (કાનેટી હનુમાનજી મંદિર) વઢવાણવાળા હતા.

ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત શ્રી સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ,મોટા મંદિર,લીંબડીના મહામંડલેશ્વર શ્રી લલિતકિશોરશરણ દાસ બાપુ,રાજસીતાપુર શ્રીલાલજી મહારાજની જગ્યાના મહંત શ્રી અંબારામદાસ બાપુ,વઢવાણ શ્રી લાલજી મહારાજની જગ્યાના મહંત શ્રી ગીરધરદાસ બાપુ,કથાકાર શ્રી પરેશબાપુ ગામ ખેરાળીવાળા,કથાકાર શ્રી લાલામહારાજ ગામ ખજેલીવાળાના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ તેમની સાથે વઢવાણ સમાજના પ્રમુખ શ્રી, ઉપમુખશ્રી, મંત્રીશ્રી તથા સમાજના વડીલો જોડાયા હતા. શ્રી કમળા દેવી માતા નું પુજન કરી જાનકી સાઉન્ડ એન્ડ ઓરકેસ્ટ્રાના સથવારે શ્રી કમળાદેવી માતા ની આરતી કરવામાં આવેલ. શ્રી રામાનંદી સાધુ સમાજ - વઢવાણ દ્વારા અપાયેલ નિમંત્રણને માન આપી મોટા મંદિર લીંબડીથી પધારેલ મહા મંડલેશ્વર શ્રી લલિતકિશોરશરણદાસ બાપુ,રાજસીતાપુર શ્રી લાલજીમહારાજની જગ્યાના મહંત શ્રી અંબારામદાસ બાપુ, વઢવાણ શ્રી લાલજી મહારાજની જગ્યાના મહંત શ્રી ગીરધરદાસ બાપુ,કથાકાર શ્રી પરેશબાપુ ખેરાળીવાળા,કથાકાર શ્રી લાલામહારાજ ખજેલીવાળાનું ફૂલહાર તથા સાલથી અભિવાદન સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી લલિતકિશોરશરણ દાસ બાપુએ પ્રસંગને અનુરૂપ પોતાના આશીર્વાદમાં ભારતીય સંસ્કૃતિ વિષે તેમજ સંપ તથા એકતા રાખી એકબીજાને સાથ સહકાર આપવા અનુરોધ કરેલ.વિશેષમાં શ્રી રામાનંદી સાધુ સમાજ વઢવાણ તથા વઢવાણ તાલુકા દ્વારા છઠ્ઠા શરદોત્સવ-૨૦૨૫ નું ભવ્ય આયોજન કરવા બદલ આયોજકોને ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

સંતો – મહંતો દ્વારા દીપ પ્રાગ્ટય અને શ્રી કમળાદેવી માતા ની આરતી બાદ ગામ ખેરાળીના શ્રી મિતુલભાઈ પરેશભાઈ વૈષ્ણવના જાનકી સાઉન્ડ એન્ડ ઓરકેસ્ટ્રાના સથવારે રાસ-ગરબાનો પ્રથમ રાઉન્ડ શરૂ થયો હતો.તેમાં વઢવાણ શહેર,રતનપર, જોરાવરનગર, સુરેન્દ્રનગર,૮૦ ફૂટ રોડ અને વઢવાણ તાલુકાના ગામમાંથી આવેલ યુવાનો,યુવતીઓ તથા મોટેરાઓએ સંગીત ના તાલે ખેલૈયાઓએ ગરબામાં ઝુમીને શરદોત્સવનો ખુબજ આનંદ માણ્યો હતો. કલાક બાદ રાજકોટથી આવેલ ડુપ્લીકેટ અમિતાભ બચ્ચને નાના બાળકો,યુવાનો,યુવતીઓ અને મોટેરાઓને ફિલ્મી ગીતોના નૃત્ય દ્વારા ખુબ જ આનંદ કરાવ્યો હતો. યાદગીરી માટે તેમની સાથે ઘણા લોકોએ

પોતાના ફોટા પડાવ્યા હતા. ત્યારબાદ ૧૫ મીનીટના ઈન્ટરવલમાં જ્ઞાતિજનોએ જલેબી-પાપડીના નાસ્તા સાથે ચા-પાણીની લહેજત માણી હતી. નાસ્તો કર્યા બાદ રાસ-ગરબાનો બીજો રાઉન્ડ શરૂ થયો હતો. જેમાં નાના બાળકો,યુવાનો,યુવતીઓ અને મોટેરાઓએ સંગીતના તાલે મન મુકીને રાસ-ગરબામાં ઝુમીને ખુબજ આનંદ માણ્યો હતો. ખેલૈયાઓને ઈનામ આપવાના હોવાથી ખેલૈયાઓનું સુપરવીઝન શ્રી ડૉ.અલ્પેશભાઈ હર્ષદભાઈ સાધુ અને શ્રીમતિ સંગીતાબેન પુજારાએ કર્યુ હતું. જેમાં ૫ થી ૧૦ વર્ષ સુધીમાં ૩ બાળકો તથા ૩ બાલિકાઓ , ૧૧ થી ૩૦ વર્ષ સુધીમાં ૩ યુવાનો તથા ૩ યુવતીઓ અને ૩૦ વર્ષથી ઉપરના ૩ ભાઈઓ તથા ૩ મહિલાઓ સિલેકટ કર્યા હતા. વિશેષમાં બેસ્ટ ચણિયાચોળી/ટ્રેડીશનલ ડ્રેસ પહેરનારમાં ૨ યુવતીઓના અને બેસ્ટ ટ્રેડીશનલ ડ્રેસ પહેરનારમાં ૨ યુવાનોના નામ સિલેકટ કર્યા હતા.

ત્યારબાદ અંતિમ ભાગમાં જમણવારના દાતા શ્રી રાજુભાઈ હસમુખભાઈ વૈષ્ણવ (રાધે કેટરર્સ) રાજ સીતાપુરવાળા તથા શ્રી ઓમપ્રકાશ શત્રુઘ્નભાઈ વૈષ્ણવ – કાનેટી હનુમાનજી મંદિરના બાપુનુ શ્રી હનુમાનદાદાના ફોટા આપીને અભિવાદન સાથે સન્માન કર્યુ હતું.ખેલૈયાઓને ગીફટ જોરાવરનગર નિવાસી શ્રીમતિ રીટાબેન મુકેશભાઈ નિમાવત પ્રિન્સીપાલ- પી.જી.એન.એમ.એસ.ગર્લ્સ હાઈસ્કુલ, જો.નગર અને શ્રી મુકેશભાઈ રાધેલાલ નિમાવત પ્રિન્સીપાલ એમ.આર.ગાર્ડી હાઈસ્કુલ,અણીન્દ્રા તરફથી આપવામાં આવી હતી.બાલિકાઓ ,યુવતીઓ અને મહિલાઓને એમ કુલ ૧૨ જણાને સોનાની ચુક આપનાર કથાકાર શ્રી પરેશબાપુ ખેરાળીવાળા, જાનકી સાઉન્ડ એન્ડ ઓરકેસ્ટ્રાની સેવા આપનાર શ્રી મિતુલભાઈ પરેશભાઈ વૈષ્ણવ, નિમંત્રણ પત્રિકાના દાતા શ્રી પવનભાઈ ઘનશ્યામદાસ રામાનુજ તથા શ્રી મહાવીરભાઈ ઘનશ્યામ દાસ (મહાવીર અચકન – મુળીવાળા),લાઈટ ડેકોરેશન અને મંડપના દાતા વઢવાણના શ્રી નવનીતભાઈ હરગોવિંદદાસ વૈષ્ણવ, શ્રી પ્રદ્યુમનભાઈ જગદીશભાઈ દિવાકર, શ્રી ગોકુલભાઈ જગદીશભાઈ દિવાકર તથા રાજસીતાપુર વાળા શ્રી રાધેશ્યામભાઈ હરિરામ વૈષ્ણવ (રસોયા),નાસ્તાના દાતા વઢવાણના શ્રી મુકેશભાઈ પ્રભુદાસ આચાર્ય (રસોયા) તથા નંદકશોરભાઈ શત્રુઘ્નભાઈ વૈષ્ણવ,પાણીના દાતા શ્રી જગદીશભાઈ ભીમદાસ રામાનુજ (ભીમદાસભાઈ ભજીયાવાળા),ફૂલ હારના દાતા રતનપરના શ્રી મંગળદાસ બળદેવદાસ રામાનુજ, ચા ના દાતા ગામ ટીંબાના શ્રી રાધેશ્યામભાઈ જગજીવનદાસ વૈષ્ણવ,ખેલૈયાઓના નંબર આપનાર ૮૦ ફૂટ રોડના શ્રી ડૉ.અલ્પેશભાઈ હર્ષદભાઈ સાધુ તથા રતનપરના શ્રીમતિ સંગીતાબેન પુજારા,હાસ્ય કલાકાર જોરાવરનગરના શ્રી સતીષભાઈ રામાનુજ , સુ.નગર ખાતે મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ હોસ્પિટલ ધરાવતા ડૉ. શ્રી ભાવનભાઈ આચાર્ય (સાયલાવાળા), બાળકોને નોટબુકો આપનાર શ્રી રામાનંદીય કરુણાનિધાન ઉત્કર્ષ જિલ્લા મંડળના પૂર્વ પ્રમુખ સુ.નગરના શ્રી બળદેવભાઈ જે. રામાનુજ ,ધો.૧ થી ૫ ના બાળકોને પેન્સિલ સેટ આપનાર વઢવાણના વતની અને પ્રાંગધ્રા નિવાસી શ્રી જગદીશભાઈ પુરુષોતમદાસ આચાર્ય, શ્રી વૈષ્ણવ રામાનંદીય મહિલા ઉત્કર્ષ મંડળ – અમદાવાદ થી પધારેલ ભરતભાઈ રામાનુજ , શ્રી પ્રતિભાબેન ભરતભાઈ રામાનુજ તથા અન્ય મહિલા સભ્યો, શ્રી રામાનંદી સાધુ સમાજ – ધોળકાથી પધારેલ પૂર્વ પ્રમુખ શ્રી સૂર્યકાન્તબાપુ,શાંતિભાઈ અગ્રાવત અને દિનેશભાઈ , શ્રી રામાનંદી સાધુ સમાજ – સુ.નગરના કાર્યકારી પ્રમુખ રતનપરના શ્રી હરેશભાઈ જે. વૈષ્ણવ (વકીલ),સુ.નગરના શ્રી કિશોરભાઈ કે. રામાનુજ (વકીલ), શ્રી રામાનંદી સાધુ સમાજ વઢવાણ શહેર તથા તાલુકાના પ્રમુખ શ્રી હિતેશભાઈ પી.અગ્રાવત (બાબાલાલ),ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ આર.રામાનુજ, મંત્રી શ્રી મુકંન્દભાઈ એ. આચાર્ય,પ્રવક્તા શ્રી રમેશભાઈ એચ. રામાનુજનું બાંધણીના દુપટ્ટાથી અભિવાદન સાથે સન્માન કરવામાં આવ્યું હતું ઉપરાંત નિમંત્રક પત્રિકા વહેચવાની સેવા આપનાર શ્રી વસંતભાઈ વૈષ્ણવ -સુ.નગર ,શ્રી મંગળદાસ રામાનુજ - રતનપર, શ્રી ચંદ્રકાન્તભાઈ નિમ્બાર્ક -૮૦ ફૂટ રોડ ,શ્રી પીન્ટુભાઈ રામાનુજ - રતનપર, શ્રી અશ્વિનભાઈ દેવમુરારી - રતનપર, શ્રી ધીરેનભાઈ આચાર્ય - વઢવાણનું સન્માન કરવામાં આવ્યું હતું.

આભાર દર્શન - છઠ્ઠા શરદોત્સવ - ૨૦૨૫ માં પધારેલ સંતો મહંતો, જમણવાર ના દાતાશ્રી, ગીફટના દાતાશ્રી, નિમંત્રક પત્રિકાના દાતાશ્રી, સાઉન્ડના દાતા શ્રી, ફુલહારના દાતાશ્રી, પાણીના દાતાશ્રી, ચા ના દાતાશ્રી, લાઈટ ડેકોરેશન અને મંડપના દાતાશ્રી, નાસ્તાના દાતાશ્રી, ઉપરાંત વઢવાણ શહેર તથા તાલુકાના ગામ ,રતનપર, જોરાવરનગર ,સુરેન્દ્રનગર અને ૮૦ ફૂટ રોડથી પધારેલજ્ઞાતિજનોએ તન, મન અને ધનથી સાથ સહકાર આપવા બદલ અને અમારા ઉત્સાહમાં વધારો કરવા બદલ તમામનો શ્રી રામાનંદી સાધુ સમાજ - વઢવાણ તથા તાલુકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને મંત્રીશ્રી ખુબ ખુબ હાર્દિક આભાર માને છે.શરદોત્સવના કાર્યક્રમમાં ત્રુટી રહી ગઈ હોય તો દરગુજર કરશો. આપના યોગ્ય સુચનો મળતા રહે તથા આર્થિક અને નૈતિક પ્રોત્સાહન મળતું રહે અપેક્ષિત છે. રૂ.૫૦૦/- અહેવાલ ભેટ બેંકમાં જમા.

અહેવાલ-(૧)શ્રી મુકુન્દભાઈ આચાર્ય (મંત્રી) (૨)હિતેશભાઈ પી.અગ્રાવત-બાબાલાલ(પ્રમુખ)
શ્રી રામાનુદી સાધુ સમાજ-વઢવાણ શહેર અને વઢવાણ તાલુકા. જી.સુરેન્દ્રનગર.

ઈતીહાસની અટારીએથી

ગામ ધણી મહંતો

ડો.પ્રદ્યુમન ખાચર

જૂનાગઢ રાજ્યમાં નવ ગામડાના મહંતો ગામ ધણી હતા,જે જાગીરો તેમને શાસકો તરફથી મળી હતી. એમાં પાંચ અતીત મહંતો હતા અને ચાર રામાનંદી મહંતો હતા. જેમાં ગોરખમઢીને બારગામ મહંત મનસુખનાથ, કોયલીને પાંચ ગામ મહંત ભગવાનગીરી, જાંબુડાને એક ગામ મહંત દોલતગીરી, પીપળીને એક ગામ મહંત બળવંતગીરી,જાંબુડીને એક ગામ મહંત દિલસુખગીરી.

રામાનંદી મહંતોના ગામમાં ચંદવાણા મહંતશ્રી બાલકદાસજી,ફાગળી મહંતશ્રી ગદાવરદાસજી,બાવા પીપળયા એક ગામ મહંતશ્રી રણછોડદાસજી, સીમરોલીના મહંતશ્રી કલ્યાણદાસજી. આ બધા જ મહંતોનું રાજ્યમાં તથા લોકોમાં અદકેરું માનપાન કાઠિયાવાડી લોકો ક્યારેય તેમનું વેણ ઉથાપતા નહીં. આ ગામોમાં મહંતોને ગાદીએ બેસાડવાના પ્રંસગો રજવાડી ઠાઠમાઠથી ઉજવાતા હતા. જેમના રાજ્યારોહણની રીતસરની કંકોત્રીઓ મળે છે. વેરાવળ પાસે આવેલા ગોરખમઢીનો રાજમહેલ અને તેની અંદર આદમકદના મહંતશ્રીના રાજવી જેવી પાઘડી અને સાફાવાળા લાજવાબ પેન્ટિંગ જોવાથી એ આપણને અનાયાસે જ ખ્યાલ આવે છે કે તેઓ રાજવી જેવું સ્થાન ભોગવતા હતા. એમને આ જાગીરોની વ્યવસ્થા માટે તેમણે કામદાર અને કારભારી રાખેલા જે બધો જ હિસાબ કિતાબ રાખવાનું સાંચવવાનું કામ કરતા હતા.

મહંતશ્રીઓ પોતાની આવકમાંથી અન્નક્ષેત્રો ચલાવતા ને ભૂખ્યા દુ:ખિયાને જગ્યામાં આશરો અપાતો હતો. જેઓ બારખલીદાર તરીકે ઓળખાતા તેમને રાજ્યને કશું મહેસુલ ભરવું પડતું નહીં. આ મહંત સાહેબોની નીતિ રીતિ રહેણીકરણી એક રાજા જેવી જ હતી. પોતાની જગ્યામાં ઘોડાઓ રાખતા અને ઘોડેસવારી કરીને નીકળતા, તેમના વિનય વિવેક અને સાર માણસાઈની શું વાત કરવી.એમાંય સોરઠ ઉપર પૂજ્ય બળવંતગીરીબાપુ અને કોયલી અને ગોરખમઢીના મહંતોની આભા જ અનોખી છવાયેલી હતી. કોઈનાજાતના કે ધર્મના ભેદ રખાતા નહીં. બસ, માનવતા અને સેવા અને પૂજાને ધર્મ સાધનામાં જીવ પરોવી એવું જીવી ગયા કે આજે દફતરોને પાનેથી આ જૂની વાતો જાણીએ છીએ ત્યારે એમ થાય કે કેમ રહેવું કેમ વર્તવું ? કેમ ચાલવું, ક્યારે કડક થવું એ તો એમની પાસેથી શીખી શકાય એવું એમનું પવિત્ર લોકોનું જીવન હતું.

ગુસ્સો એટલે ડાહ્યા માણસ ઉપર ગાંડપણે કરેલો હુમલો.

ડો. ઉપાસના સી. કુબાવત
બાળરોગ નિષ્ણાંત

નારી IVF હોસ્પિટલ
માણેકપરા - અમરેલી.

ડો. ચિરાગ વી. કુબાવત
IVF સ્પેશીયાલી
સ્ત્રી રોગ નિષ્ણાંત

રામાનંદી સાધુ સમાજના જ્ઞાતિ રત્ન એવા શ્રી ડો. ચિરાગભાઈ કુબાવત તથા શ્રી ડો. ઉપાસનાબેન કુબાવત પ્રથમ નારી હોસ્પિટલ અમરેલીની ઉમદા સેવા અને સારવારના સમન્વયથી લોકોના/સમાજના દીલ જીતી સફળ થયેલ અને ત્યાર બાદ વધુ સારવાર અને આધુનિક સેવા કરવાની ઉત્તમ ભાવના સાથેની બીજી

નારી IVF હોસ્પિટલ તા. ૨૬-૧૦-૨૦૨૫, લાભ પાંચમના શુભ આરંભે

અમો અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ ગૌરવ અને હર્ષની લાગણી અનુભવીએ છીએ. ભવિષ્યમાં જરૂરીયાતવાળા પરીવારોને આ આધુનિક નારી IVF હોસ્પિટલની સેવાઓનો લાભ મળતો રહે તેવી શુભેચ્છા પાઠવતા હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

તથા ડો. વિજયભાઈ નાકરાણી સ્ત્રી રોગ નિષ્ણાંત ને પણ હાર્દિક શુભકામનાઓ સાથો સાથ...સુશ્રુત આયુર્વેદિક હોસ્પિટલના પ્રારંભે ડો. દિક્ષીતાબેન ભંડેરી (રીબડીયા) ને પણ હાર્દિક શુભકામના...

આકાશ ડી. અગ્રાવત પ્રમુખ	જીતુભાઈ ચરણદાસ મંત્રી	જતીનભાઈ લશ્કરી ઉપપ્રમુખ	કમલેશભાઈ લશ્કરી ઉપપ્રમુખ
પંકજભાઈ દેવમુરારી ઉપપ્રમુખ	સંજયભાઈ અગ્રાવત સહમંત્રી	ગૌતમભાઈ કુબાવત કોષાધ્યક્ષ	અમુભાઈ રામાવત કીરીટભાઈ ટીલાવત
ધર્મેન્દ્રભાઈ અગ્રાવત (ટોમભાઈ) રોહીતભાઈ અગ્રાવત	જમનાદાસ નિમાવત દિનેશભાઈ બાવનીયા	રમેશભાઈ દેવમુરારી શિશિરભાઈ દેવમુરારી દેવાંગભાઈ દેવમુરારી	કીરીટભાઈ દેવમુરારી ભાવેશભાઈ અગ્રાવત
નરેન્દ્રભાઈ નિમાવત	કપીલભાઈ એ. દેવમુરારી	બિપીનભાઈ દેવમુરારી	મનીષભાઈ અગ્રાવત

શુભેચ્છક : અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ - અમરેલી

રૂ. ૧૦૦૦/- સન્માનભેટ બેંકમાં જમા

ગુસ્સો એટલે ડાહ્યા માણસ ઉપર ગાંડપણે કરેલો હુમલો.

બાયોડેટા

:: સરનામું ::

હીરેન્દ્રકુમાર એન.દેવમુરારી
બી / ૪ અંબિકા સોસાયટી સાણંદ
જી. અમદાવાદ
સંપર્ક : નરેન્દ્રકુમાર એન. દેવમુરારી

મો : ૯૭૧૨૧૬૮૩૮૩

વ્યક્તિગત માહિતી :

નામ : કનૈયાલાલ હીરેન્દ્રકુમાર દેવમુરારી
જન્મ તા : ૦૫/૦૭/૧૯૯૧
વજન : ૬૮
ઉંચાઈ : ૫'૫"
વાન : ઘઉંવર્ણ
અભ્યાસ : ૧૨ પાસ આઈ ટી ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક
જોબ : પ્લાન્ટ સુપરવાઈઝર
(કેના કોટ પ્રા.લી.સાણંદ)
સેલેરી : ૪૫,૦૦૦/ પ.મં.
(એકટીવ લાયન્સ કલબ મેમ્બર)

કૌટુંબીક માહિતી :

માતા : ભગવતીબેન હીરેન્દ્રકુમાર દેવમુરારી (ઘરકામ)
પિતા : હીરેન્દ્રકુમાર નટવરલાલ દેવમુરારી (ફોટોગ્રાફી)

કનૈયાલાલ હીરેનદ્રકુમાર દેવમુરારી માટે સમકક્ષ સંસ્કારી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

સુચન : પોતાનું ટેનમિન્ટ છે.

રૂા.૧૫૦૦/- પ.નં. ૬૬ થી જમા મળેલ છે.

BIODATA

PERSONAL DETAIL

Name : Poonam Dipakbhai Kubavat
Residence : Ahmedabad
Date of Birth : 05/10/1998
Education : B.COM :Gujarat University - Ahmedabad
M.COM : Gujarat University- Ahmedabad
Inter C.A : Intermediate in C.A. complete
Job/Occupation : Job in account department In Pvt Ltd co.
Address : Nava naroda, Ahmedabad
Native place : Aadpur (Bagasara-Amreli)

FAMILY DETAIL

Father's Name : Dipakbhai Kubavat
Father's Occupation : Diamond worker
Mother's Name : Sarojben Kubavat
Mother's Occupation : Housewife
Sister's Name : Bhavika Kubavat
Sister's Occupation : Student (Graduation)
Brother's Name : Yash Kubavat
Brother's Occupation : Student (Schooling)

ફોન મારફત :- ૮૧૫૫૯૪૭૭૧૬ (મનોજભાઈ એમ. નિમાવત)રાજુલા
સ્થાન ભેટ રૂા.૧૫૦૦/- પ.નં. ૬૫ થી જમા મળેલ છે.

BIODATA

PERSONAL DETAIL

Name	:	KAUSHIK PARESHBHAI AGRAVAT
Caste	:	Vairagi Bava
D.O.B	:	18-07-2001
Height	:	5'7"
Weight	:	53 Kg
Education	:	Bachelor In Computer Application
Occupation	:	Supervisor(padmavati Logistic)

FAMILY DETAIL

Grand father	:	Gordhandas Aatamaram Agravat
Grand mother	:	Late Ushaben Gordhandas Agravat
Father Name	:	Pareshbhai Gordhandas Agravat
Occupation	:	Manager (Padmavati Logistic)
Mother Name	:	Heenaben Pareshbhai Agravat
Occupation	:	House Wife
Sister's Name	:	Jinalben Niravkumar Nimavat
Brother-In-Law	:	Dr.Niravkumar Kaushikbhai Nimavat

Others

Address : Native - Chalala (Amreli) Rresident - Vapi
Contact : +91 9879051657

રૂ. ૧૫૦૦/- પ.નં. ૧૮૮ થી મળેલ છે.

Biodata

PERSONAL DETAILS:

Name	:	Nimavat Prerak Sureshbhai
Caste	:	Ramanandi Sadhu
DOB	:	14/11/1998
Height	:	5'6"
Education	:	M.SC. (Chemistry)
Occupation	:	Private Job In Pharma Company,Ahmedabad
Income	:	20,000
Hobbies	:	Reading,Travelling,And Photography

FAMILY DETAILS:

Father Name	:	Nimavat SureshBhai Vishnudas
Occupation	:	Retired Gov.HighSchool Teacher
Mother Name	:	Nimavat JagrutiBen
Occupation	:	House maker
Brother	:	Nimavat Bhargav
Occupation	:	Gov. High School Teacher
Sister In Law	:	Nimavat Hardika Bhargav

Adress : "RADHE SHAYAM" NEW TO : DHORAJI, NEW MARUTI NAGAR (CURRENT CITY : ANAND) MO. 98796 60677

રૂ.૮૦૦/- પ.નં. ૬૭ થી જમા મળેલ છે.

બાયોડેટા

નામ	:	દિવ્યા અરૂણભાઈ દેવમુરારી
જન્મ તારીખ	:	૬/૯/૨૦૦૧
ઊંચાઈ	:	૫'૩"
વજન	:	૫૫ kg
અભ્યાસ	:	બી.એ. (સમાજશાસ્ત્ર)
પિતા	:	અરૂણભાઈ નાનાલાલ દેવમુરારી
માતા	:	ધનુબેન અરૂણભાઈ દેવમુરારી

:: સપર્ક ::
૮૭૯૯૧૯૪૭૧૭ (અરૂણભાઈ)
૯૮૨૫૮૫૮૮૩૪ (હસુબાપુ, કથાકાર)
૯૭૧૪૦૨૭૭૩૪ (ભાનુભાઈ)

:: સરનામું ::
મુ. બરવાળા (ઘેલાશાહ) - ૩૮૨૪૫૦
તા. બરવાળા, જી.બોટાદ
ઠે. રોકડીયા હનુમાનજી મંદીર (બરવાળા)

રૂ. ૮૦૦/- બેંકમાં જમા મળેલ છે.

નોંધ :- નોકરીયાત યુવકના વાલી તરફથી પુછપરછ આવકાર્ય છે.

ખુશાલી ભેટ

ઈષ્ટદેવ શ્રી ભૂરખિયા દાદાની અસીમ કૃપાથી દેવયાનીબેન યોગેશભાઈ નિમાવત ઓસ્ટ્રેલિયા સિડની મુકામે નર્સિંગ કોર્ષ કરી જોબ મળી જતા છાત્રબાળાઓને જલેબી-ફાફડા નાસ્તા ના રૂ.૧૩૦૦/- ભેટ મળેલ છે. આભાર..

પ્રેષક :- ઋષિ દિપકભાઈ આચાર્ય
પ્રેરણા :- યોગેશભાઈ નિમાવત
મો. :-૭૫૬૭૩૦૧૧૦૭, મુળવતન :- ધારી

રૂ.૮૦૦/- પ.નં.૭૫ થી જમા મળેલ છે.

શ્રધ્ધાંજલી

સ્વ.જશુમતિબેન હિંમતલાલ નિમ્બાર્ક,
ગામ - રાણાવાવ,
સ્વ. તા. ૧૫/૧૧/૨૦૨૫

સદ્‌ગત આત્માને પ્રભુ શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના

इत्येवोत्तरम् । युद्धाख्यं हि कर्म क्षत्रियस्य नियतमग्निहोत्रदिवत्।
तच्चयुध संप्रहारे इत्यस्माद्धातोर्निष्पन्नं।

સ્વ. જશુમતીબેન હિંમતલાલ નિમ્બાર્ક (રાણાવાવ) રામચરણ પામેલ છે પ્રભુ આ દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના. મરણ કરતા સ્મરણ વધારે બળવાન છે, અનંતકોટી બ્રહ્માંડ ના અધિપતિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ ભગવાન મોક્ષધામ માં દિવંગત આત્માને ચિર શાંન્તિ આપે અને શ્રી રામશ્યામ રાધેકૃષ્ણ નિજચરણ નું સુખ આપે તેવી પરમકૃપાળુ ભગવાન શ્રી રામજી ના ચરણ મા અંતઃકરણપૂર્વક ની પ્રાર્થના.....

ૐ શાંતિ

લિ.શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા

શ્રધ્ધાંજલી

પ.પૂ સંત શ્રી શશિકાંતબાપુ

સદ્‌ગુરૂદેવશ્રી બજરંગદાસબાપાના કૃપાપાત્ર શિષ્ય સાતહનુમાન લીંમડીયાના મહંતશ્રી ધીરજરામબાપાના શિષ્ય પૂ.શ્રી શશિકાંતબાપુ મહંતશ્રી હડમતિયા હનુમાનજી આશ્રમ (જોધાણી પરિવાર) કૃષ્ણગઢ સવંત ૨૦૮૧ના આસો વદ-૭ ને સોમવાર તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ સાકેતવાસી થયાના સમાચાર જાણી અમે સૌ દુઃખની લાગણી અનુભવીએ છીએ પૂજ્ય શશિકાંતબાપુ એ જોધાણી પરિવારના ઈષ્ટદેવ હનુમાનજીની ખૂબ જ સાધના ભક્તિ કરી એ વિસ્તારના ભાવિક ભક્તોના મન જીતી ખૂબજ ચાહના મેળવી અનંતની વાટે પરિયાણ કર્યુ,પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે અને તેમના ચરણોમાં સ્થાન અર્પે તેવી ભાવભિની શ્રધ્ધાંજલિ અર્પણ કર્તા.

લી.
શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ ટ્રષ્ટીઓ શ્રી
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા
શ્રી રામભક્ત મુખ્યપત્ર સંપાદક મંડળ સાવરકુંડલા

શ્રધ્ધાંજલી



પૂ.શ્રી રણછોડદાસબાપુ

સદ્‌ગુરૂદેવ શ્રી બજરંગદાસબાપાના કૃપાપાત્ર શિષ્ય દિવંગત પૂજયશ્રી દયારામબાપાના શિષ્ય પૂ.શ્રી રણછોડદાસબાપુ મહંત શ્રી બજરંગદાસબાપા ત્રિવેણીધામ આશ્રમ વાવડી સવંત ૨૦૮૨ ના માગસર સૂદ-૩ ને રવિવાર તા.૨૩-૧૧-૨૦૨૫ ના રોજ સાકેતવાસી થતા શ્રી બજરંગદાસબાપા પરંપરાના એક સંતે વિદાય લેતા અમો સૌ દુઃખ ની લાગણી અનુભવીએ છીએ.પૂજ્ય રણછોડદાસબાપુ તેમના ગુરૂદેવ પૂજયશ્રી દયારામબાપાની ૨૪મી પૂણ્યતિથી ઉત્સવ પ્રસંગે આગલા દિવસે તા.૨૨-૧૧-૨૦૨૫ શનિવારે દ્વારકા મુકામે હાજરી આપી ઉત્સવ મનાવી પરત આશ્રમે આવતા ગુરૂદેવ ના સંસ્મર્ણો સાથે બ્રહ્મ મુર્હત માં પંચભૂતદેહનો ત્યાગ કરી વિદાય લીધી તેઓની ગુરૂભક્તિ અજોડ હતી ગુરૂદેવના જન્મદિન ગુરૂદેવની નિર્વાણ તિથી (પૂણ્યતિથી) પ.પૂ. બજરંગદાસ બાપાની પૂણ્ય તિથી ત્રિવેણી આશ્રમમાં દરેક ત્રણ ત્રણ વખત ખૂબજ ધૂમધામ થી ઉજવેલ, આ પ્રસંગો આજે યાદ આવે છે. આવા પૂણ્યશ્લોકી આત્માને પરમાત્મા તેમના ચરણોમાં દિવ્ય સ્થાન આપે એવી ભાવભિની શ્રધ્ધાજંલિ.

લી.
શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ ટ્રષ્ટીઓ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા
શ્રી રામભક્ત મુખ્યપત્ર સંપાદક મંડળ સાવરકુંડલા

Postal Registration No. G - AMR - 147-2024-26 Registered RNI No. Guj Guj/2006/31049
Permitted to post at Savarkundla by Spo's Amreli on 10th of every Month Vide Letter

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને મિષ્ટભોજન તિથિ યોજના અંતર્ગત રૂા.૧૫૧૧૧/-નું દાન (રાજુલા)

સ્વ.અંજવાળીબેન
માધવજીભાઈ તલાટી

મોટા આસરાણા નિવાસી હાલ રાજુલા સ્થિત અગ્રણી ચાહના વેપારી શ્રી ભરતભાઈ માધવજીભાઈ તલાટી (વાણીયાવેપારી)ના પુજય શ્લોકી સ્વર્ગીય માતાપિતા સ્વ.અંજવાળીબેન માધવજીભાઈ તલાટી અને સ્વ. માધવજીભાઈ નારણદાસ તલાટી ની કાયમીપૂણ્ય સ્મૃતિમાં શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન આપતી સંસ્થાને કાયમી નિભાવ ફંડમાં છાત્રબાળાઓને સ્વ.ની તિથીના રોજ પ્રતિ વર્ષ મિષ્ટભોજન આપવાની યોજના અંતર્ગત રૂા. ૧૫૧૧૧/-નું દાન ૫.નં.૬૨૮૨-૮૩,૧૫૪ થી મળેલ છે. માતાપિતાની સંયુકત તિથી અષાઢ સુદ - ૨(બીજ)

સ્વ. માધવજીભાઈ
નારણદાસ તલાટી

પ્રેરણા : અમરદાસબાપુ નિમાવત
(ટ્રસ્ટી અને પુર્વ ચેરમેન, ગુ.રા.સા.સ.ઉ.મંડળ)

:: હસ્તે ::
શ્રી ભરતભાઈ માધવજીભાઈ તલાટી
શ્રીમતિ સરોજબેન ભરતભાઈ તલાટી
સહકાર ચા ભંડાર મેઈન બજાર,રાજુલા

રૂા. ૧૧૦૦૦/- ૫.નં. ૬૨૮૨/૮૩ થી મળેલ છે.

રૂા. ૪૧૧૧ /- ૫.નં. ૧૫૪ થી મળેલ છે. "આભાર"

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

રામભક્ત લવાજમ, દાનભેટ, છાત્રાલયને દાનભેટ મોકલવા માટે
હવે બાજુમાં આપેલ **QR Code** સ્કેન કરીને ઓનલાઇન ભેટ મોકલી શકાશે.
વોટ્સએપ પર જાણ કરો.વોટ્સએપ ફોન નં.૯૪૦૯૮ ૫૧૨૫૧
સંસ્થાનું મળતું દાન કલમ 80G હેઠળ કરમુક્તને પાત્ર છે.
AAFTS4033AE20218 - AAFTS4033AF20224

લવાજમ લેખો ભેટ ફાળો મોકલવાનું
તેમજ પત્ર વ્યવહારનું સરનામું

If not delivered Please return to

From :
રામભક્ત કાર્યાલય
ભાનુભાઇ ડી. રામાનૂજ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય, સાવરકુંડલા-૩૬૪૫૧૫
જી.અમરેલી. મો.નં.૬૩૫૩૮૯૦૧૯૬
E-mail : rambhakt.svkd@gmail.com
http://www.rambhaktsvkd.org

પ્રતિ શ્રી, _____ *Printed Book*

_____

_____

_____

પીન નં. : ☐☐☐☐☐☐

OWNER : BHANUBHAI D. RAMANUJ (TRUSTY)
SHREE GUJARAT RAMANANDI SADHU SAMAJ UTKARSH MANDAL - SAVARKUNDALA
EDITER : BHANUBHAI D. RAMANUJ
PRINTER & PUBLISHER : BHANUBHAI D. RAMANUJ (TRUSTY)
SHREE GUJARAT RAMANANDI SADHU SAMAJ UTKARSH MANDAL - SAVARKUNDALA
PRINTED AT : SURESHBHAI M. BOTADARA
HARIOM OFFSET, PALIYAD ROAD, BOTAD-364 710. E-mail : hariom.offsetbotad@gmail.com
PUBLISHED AT : RAMBHAKTA KARYALAYA,
SHREE BAJRANGDASBAPA RAMANNAND GRUKUL KANYA CHHATRALAYA,
SAVARKUNDLA - 364 515. DIST.AMRELI - GUJARAT